# પ્રાંતિજ પાણીનો પ્રશ્ન સંકલન સમિતિમાં રજૂ કરાયો

પ્રાંતિજ, તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન





સોસાયટીઓમાં છેલ્લા ૬ દિવસથી સોસાયટીના રહીશોને પાણીનાં મળતાં આજે વિસ્તારના સામાજિક કાર્યકર દ્વારા સંકલન સમિતિમાં લેખિતમાં રજૂઆત કરતાં પ્રાંત અધિકારીએ નગરપાલિકાને આડે હાથ લેતા સાંજ સુધીમાં પાણી આપવા કે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા દ્વાર સોસાયટીના રહીશોને પાણી પહોંચાડવા સૂચન કર્યું.

પ્રાંતિજ ખાતે છતાં પાણીએ એપ્રોચ રોડ ઉપર આવેલા સોસાયટીના રહીશોને છેલ્લા છ દિવસથી પાણીના મળતા રહીશોમાં પાણીને લઈ ગરમીનો પાસો તેજ થયો હતો અને નગરપાલિકામાં મહિલાઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમની જાહેરાત એક દિવસ અગાઉ કરી હતી પણ આજ વિસ્તારમાં સામાજિક કાર્યકર અનિલભાઈ પટેલ દ્વારા તાલુકા સેવા સદન ખાતે ચાલી રહેલ સંકલન સમિતિમાં લેખિતમાં અરજી દ્વારા રૂબરૂમાં પ્રાંત અધિકારી એ.આર. ચૌધરીને રજૂઆત કરતાં પ્રાંત અધિકારીએ નગરપાલિકાને આડે હાથે લઈ વૈકલ્પિક પાણીની વ્યવસ્થા અને જેટલું ઝડપી થાય એટલું સોસાયટીના રહીશોને ઘરોમાં નળો સુધી પહોંચાડવા જણાવ્યું હતું અને ત્યાં સુધી ભાડાનાં ટેંકરો લાવી પાણી પહોંચાડવા તાત્કાલિક સૂચના કરી હતી અને સોસાયટીના રહીશોને મટકીફોડ જેવા કાર્યકરો નામ કરવા જણાવ્યું હતું અને પાલિકા ને તાત્લાકિ અન્ય કોઈ વિકલ્પો દ્વારા પાણી રહિશોને પહોંચાડવા સૂચના કરી હતી.

# ધાનેરામાં પ્રથમ દિવસે ૧૦૦ જેટલા દબાણો પર ફર્યા બુલડોઝર

ધાનેરા, તા. ૭

ધાનેરા નગર પાલીકા દ્વારા શનિવારે દબાણો હટાવવાની શરૂઆત કરતાંજ પ્રથમ દિવસે ૧૦૦ જેટલા દબાણોનો સફાયો કરાયો હતો અને દબાણ હટાવવામાં અવરોધરૂપ બનનાર ત્રણેક ઈસમોને જેલના હવાલે કર્યા હતા. જેથી અન્ય લોકોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.



નગરપાલિકા વિસ્તારમાં આધેડધ મોટાપાયે દબાણો થતાં ટ્રાફિક સમસ્યા વિકટ બની હતી. જેથી અવારનવાર કલેક્ટરને રજૂઆતો કરાતી હતી અને ન.પા.ના એક કલેક્ટરને કરેલા આ દબાણ હટાવવા બાબતે વારંવાર રજૂઆતો કરતાં કલેક્ટરે દબાણ હટાવવાનો આદેશ કર્યો હતો. જેથી શનિવારે ન.પા. દ્વારા દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને ૧૦૦ જેટલા પોલીસ કાફલા સાથે નેનાવા રોડના પાકા દબાણો હટાવાની શરૂઆત કરતાં દબાણદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો અને દબાણદારોએ દુકાનો પણ ખાલી નહોતી કરી જેથી તમામના શટરો તોડીને ખાલી કરાવવા માટે ન.પા.ના ચિફ ઓફીસર અને (આઈએએસ) અરવિંદ વિજયત જાતે આખો દિવસ સ્થળ ઉપર રહીને ૧૦૦ જેટલા દબાણો દૂર કરાવ્યા હતા. જેમાં થરાદ ડીવાયએસપી યાદવ, પીઆઈ જે.એમ. ચુડાસમા, એ.ડી.એમ. બી.જે. સોની પણ આખો દિવસ સાથે રહ્યા હતા અને દબાણો દૂર કરાવ્યા હતા. જ્યારે બીજી તરફ જે લોકોએ વારંવાર જાહેર કરવા છતાં દુકાનો ખાલી કરી ન હતી. તેઓએ આ દબાણો ટુટતા જોઈને જાતેજ દબાણો ખાલી કરવા લાગ્યા હતા અને સાંજ સુધીમાં ૧૦૦ જેટલા દબાણો તોડી પડાયા હતા.

## આજે પણ યથાવત રહેશે કાર્યક્રમ

નગરપાલિકા દ્વારા ત્રણ દિવસ દબાણ હટાવવાનો કાર્યક્રમ ત્રણે દિવસ યથાવત રહેશે અને ૩૦૦થી પણ વધારે દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવનાર છે. જ્યારે હાઈવે ઉપર મોટા મોટા વાડાઓના દબાણો પણ તોડવામાં આવશે જે માટે બીજા દિવસે ૨ જેસીબીની જગ્યાએ ૫ જે.સી.બી. મંગાવવામાં આવનાર છે. જેમાં નેશનલ હાઈવેની ટીમને પણ બોલાવી લેવામાં આવેલ છે.

## જે દબાણો છે તે જ તોડવામાં આવી રહ્યા છે - ચિફ ઓફીસર ધાનેરા

ધાનેરામાં મોટા પાયે દબાણો હતા તે દબાણો તોડવા રજુઆતો આવતા દબાણો તોડવાની શરૂઆત કરાઈને અને ત્રણ દિવસમાં જેટલા દબાણો છે તે તમામ તોડી પડાશે જેમાં ક્યાંય કોઈને અન્યાય થાય તેવું કામ નહી કરાય તમામને સરખો ન્યાય આપવામાં આવશે.

## રાજકારણીઓએ કર્યા પોતાના મોબાઈલ સ્વીચ ઓફ

ધાનેરામાં દબાણ તોડવાની શરૂઆત ખથતાં જ ન.પા.ના તમામ કોર્પોરેટરો તેમજ રાજકિય અગ્રણીઓએ પોતાના મોબાઈલ બંધ કરી દીધા હતા અને આ દબાણ તુટે તે જગ્યા ઉપર ક્યાંય જોવા મળ્યા ન હતા. જ્યારે દબાણ તોડવામાં અરજી કરનાર એક પાલીકાના ખાસ કોર્પોરેટરનો લોકો ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.





# આજે સાબરકાંઠાના રાયગઢ ગામે ત્રણ લાખ રૂદ્રાક્ષ પર સ્મશાનની રાખથી અર્ધનારેશ્વર શિવલિંગ બનશે

**વૈજનાથદાદાના મંદિરના પટાંગણમાં ઉત્તર ગુજરાતનું પ્રથમ ૨૧ ફૂટનું અર્ધનારેશ્વર શિવલિંગ બનશે : દર્શનાર્થીઓને શિવરાત્રીના ભવ્ય લોકમેળાના દિવસે દર્શનનો લાભ મળશે**

મોડાસા, તા. ૭

હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં આવેલ પ્રાચીન અને પૌરાણિક વૈજનાથદાદાના મંદિરના પટાંગણમાં મહાશિવરાત્રી નિમિત્તે ઉત્તર ગુજરાતનું સૌથી ઉંચુ અર્ધનારેશ્વર શિવલિંગ બનાવવામાં આવશે. ૨૧ ફૂટ ઊંચા બનાવેલા શિવલિંગ પર ત્રણ લાખ જેટલા રૂદ્રાક્ષની બનાવેલી માળાઓ પર સ્મશાનની રાખથી અર્ધનારેશ્વર શિવલિંગનું સર્જન કરવામાં આવશે અને આ અલૌકિક શિવલિંગની આસપાસ હિમાલય પણ બનાવવામાં આવશે. ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમવાર બનતા ૨૧ ફૂટ ઊંચા શિવલિંગ પર ત્રણ લાખ રૂદ્રાક્ષની માળાઓ વિંટાળવામાં આવશે અને આ રૂદ્રાક્ષ પર સ્મશાનની રાખ અને કલરના સમન્વયથી અર્ધનારેશ્વર શિવલિંગ બનશે. મહાશિવરાત્રીની સંધ્યા આરતીએ ૧૦૮ દિવાથી આ શિવલિંગની આરતી ઉતારવામાં આવશે અને ત્યારબાદ અર્ધનારેસ્વર શિવલિંગ આગળ ૨૧૦૦ દિવડાઓથી ભવ્ય દિપાવલી કરવામાં આવશે. હાલ આ અર્ધનારેશ્વર શિવલિંગનું કામકાજ પુરજોશમાં ચાલુ છે અને મહાશિવરાત્રીના રોજ વહેલી સવારથી આ શિવલિંગના દર્શનનો લાભ ભક્તોને મળશે. રાયગઢ પંથકની ધર્મપ્રેમી પ્રજામાં સ્મશાનની રાખમાંથી બનેલા ૨૧ ફૂટ ઊંચા અલૌકિક અર્ધનારેશ્વર શિવલિંગના દર્શન માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.



## પ્રાંતિજ પાલિકા દ્વારા બાકીદારો સામે લાલ આંખ

સાબરકાંઠા જિલ્લાના પ્રાતિજ ખાતે નગરપાલિકા દ્વારા વેરા બાકીદારો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા બીજા બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને પાલિકા ખાતે વેરા ભરવા દોડી આવ્યા હતા. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા બાકી દારો સામે લાલ આંખ કરતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન પાસે આવેલ અંબિકા હોટલને સીલ મારવામાં આવ્યું હતું. જયારે ચાર નળી જોડાણો પણ કાપવામાં આવ્યા હતા. જયારે અન્ય બાકીદારો ને ખબર પડતા પાલિકા ખાતે વેરો ભરવા માટે દોડી આવ્યા હતા અને વેરા બાકી દારોની લાઈનો લાગી હતી. જયારે પાલિકા દ્વારા હજુ આવા ૬૦ બાકીદારોને નોટિસ આપવામાં આવી છે અને જો તેમણાં દ્વારા વેરાઓ નહી ભરવામાં આવે તો તેમણી મિલ્કતો પણ સિલ કરવામાં આવશે તેનું નગરપાલિકા અધિકારી ઈસુબભાઈ વ્હોરા દ્વારા જાણવા મળ્યું છે.

# આજે જસરામાં અમદાવાદ સહિત ગુજરાતના અશ્વો આકર્ષણ જન્માવશે

ડીસા, તા. ૬

લાખણી તાલુકાના જસરા ગામે યોજાઈ રહેલા ભવ્ય અશ્વ શો અને આનંદ મેળામાં હજારો લોકો ઉમટી રહ્યા છે. જેમાં અશ્વ શો અને તેને લગતી હરીફાઈઓમાં ભાગ લેવા માટે અને અશ્વોના કરતબોને નિહાળવા માટે દુર-દુરથી લોકો ઉમટી રહ્યા છે. ત્યારે અમદાવાદ સહિત ગુજરાતના અન્ય સ્થળોએથી આવેલા અશ્વ અશ્વ પ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

જસરામાં છેલ્લા ચાર વર્ષથી યોજાઈ રહેલા અશ્વ શો આકર્ષણનું કેન્દ્ર બનવાની સાથે રાજ્ય ભરમાં ખ્યાતિ મેળવી રહ્યો છે. જેમાં આ વર્ષે ગુજરાત સરકારના પશુ પાલન વિભાગનો સહકાર મળતા કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા છે. ગુજરાત ભરમાંથી અશ્વ પ્રેમીઓ, અશ્વ પાલકો, અશ્વના વેપારીઓ, અશ્વના ટ્રેનરો અને અશ્વોનો શણગાર માટે ચીજ વસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓએ જસરામાં ધામા નાખ્યા છે. આ વર્ષે ગુજરાતના ખેણુ ખુણેથી અશ્વપ્રેમીઓ આ મેળામાં જોડાયા છે. પોલીસના અશ્વો પણ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે. જ્યારે અશ્વો અને તેમની વિવિધ કરતબોને નિહાળવા માટે જિલ્લા ભરમાંથી પણ લોકો ઉમટી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના પશુપાલન વિભાગ અને જસરા ગ્રામ પંચાયત દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.



# બનાસકાંઠા જિલ્લા પંચાયતનું બજેટ બહુમતીએ પસાર

પાલનપુર, તા.૬

ભાજપ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયચની બજેટલક્ષી સાધારણ સભા યોજાઈ હતી. જેમાં રૂા. ૬.૧૧ કરોડની પુરાંતવાળું બજેટ વિપક્ષના વિરોધ વચ્ચે શાસક પક્ષ દ્વારા બહુમતિએ મંજૂર કરાયું હતું. જેમાં સૌથી વધુ બાંધકામ ક્ષેત્રે રૂા. ૮૬ લાખની રકમ ફાળવાઈ હતી. જયારે શિક્ષણ અને કૃષિ પશુપાલન ક્ષેત્રે નજીવી રકમ ફાળવવા સામે વિપક્ષને નારાજગી વ્યક્ત કરી હતી.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા આજરોજ પ્રમુખ દિનેશભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં પ્રમુખ દ્વારા સને ૨૦૧૬-૧૭નું બજેટ રજૂ કરાયું હતું. રૂા. ૬.૧૧ કરોડના પુરાંતવાળા બજેટને રજૂ કરાતા વિપક્ષના વિરોધ વચ્ચે શાસક પક્ષ ભાજપે બહુમતિના જોરે બજેટને મંજુર કર્યું હતું. આ બજેટમાં બાંધકામ ક્ષેત્રે રૂા. ૮૬ લાખ, વિકાસ અને પંચાયત ક્ષેત્રે દશ લાખ, શિક્ષણ ક્ષેત્રે રૂા. ૧૨ લાખ અને ખેતીવાડી ક્ષેત્રે રૂા. ૮ લાખની રકમ ફાળવાઈ છે.



દરમિયાન આજથી બજેટલક્ષી બેઠકમાં વિપક્ષના પોપટજી દેલવાડીયાએ જિલ્લામાં બોગસ તબીબો દ્વારા ચાલતી હાટલીઓ સામે ઉગ્ર રજૂઆત કરતા વાતાવરણ ઉત્તેજનાસભર બની ગયું હતું. તેઓએ જિલ્લામાં ૩૦૦ થી વધુ બોગસ તબીબો હાટડીઓ ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યાં હોવાની રજૂઆત કરી જિલ્લા આરોગ્ય અધિકારી હપ્તા લઈ બોગસ તબીબોને છાવરી રહ્યા હોવાનો આક્ષેપ કરતા ચકચાર મચી જવા પામી હતી. જો કે, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેએ આ અંગે કોઈ ફરિયાદ આવી ન હોવાનું કહી જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો.

# સાયન્સ કોલેજ, ઊણમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' અને 'માતૃભાષા દિવસ'ની ઉજવણી

કાંકરેજ, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઊણ ગામે જૂન-૨૦૧૪થી શરૂ થયેલ સાયન્સ કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અને વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી મંડળના પ્રમુખશ્રી અમૃતભાઈ કે. ઘેલા સાહેબના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. આ મંડળના ટ્રસ્ટીશ્રી નવિનભાઈ ભોજક સાહેબ, ઉપ પ્રમુખ હનુભા વાઘેલા, સહમંત્રીશ્રી વિનોદભાઈ શાહ, સંયોજકશ્રી પ્રહલાદભાઈ ઠક્કર અને શ્રી કરણી એજ્યુકેશન ટ્રસ્ટ રાધનપુરના ટ્રસ્ટીશ્રી નારણદાન બી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. સાયન્સ કોલેજના કેમ્પસ ડિરેક્ટર વસંતભાઈ આચાર્ય તથા પ્રિન્સિપાલ વિરેનભાઈ પ્રજાપતિનું સુંદર માર્ગદર્શન મળેલ તથા કોલેજ સ્ટાફનો પણ પુરતો સહયોગ મળેલ. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. કોલેજના પ્રિન્સિપાલશ્રી અને પ્રાધ્યાપકો તેમજ સંચાલક મંડળના સભ્યો દ્વારા વ્યવહારીક જીવનમાં પણ વિજ્ઞાન અને માતૃભાષાનું કેટલુ મહત્વ રહેલું છે તે વિશે સમજાવવામાં આવ્યું હતું.

# હિંમતનગર અને ગાંભોઈમાંથી ટ્રક તેમજ બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૬

હિંમતનગર શહેર સહિત તાલુકામાંથી વાહન ચોરીની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી હોવા છતાં પોલીસ માથે હાથ દઈ બેસી રહી છે.ગાંભોઈના સર્વિસ રોડ પરથી બુધવારે રાત્રે પાર્ક કરાયેલો રૂા.૮ લાખની કિંમતનો ટર્બો ટ્રક કોઈ ગઠિયો ચોરી જતા વાહન ચોરીની ઘટના અંગે ગાંભોઈ પોલીસે ગુનો દર્જ કર્યો હતો. જયારે હિંમતનગરના બ્રહ્માણીનગરમાંથી ગુરૂવારે રાત્રે રૂા.૩૦ હજારની કિંમતના બાઈકની ચોરીની ઘટના અંગે પણ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાયો હતો.

વાહન ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગાંભોઈના જી.ઈ.બી.ની બાજુમાં રહેતા મગનલાલ રાયમલજી વણઝારાએ બુધવારે સાંજના સુમારે પોતાના ટાટા ટર્બો ટ્રક નં.જીજે.૦૯.પી.૯૦૨૬ ને ગાંભોઈના સર્વિસ રોડ પર પાર્ક કર્યો હતો. બુધવારની રાત્રે કોઈ ગઠિયો રૂા.૮ લાખની કિંમતનો ટર્બો ટ્રક સર્વિસ રોડ પરથી ચોરી જતા તેમણે વાહન ચોરીની ઘટના અંગે ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જયારે વાહન ચોરીની બીજી ઘટના બુધવારની રાત્રે જ મહેતાપુરા નજીકના બ્રહ્માણીનગરમાં બની હતી. જેમાં બ્રહ્માણીનગરમાં રહેતા ધવલભાઈ મુળજીભાઈ દેસાઈએ પોતાનું હિરોહોન્ડા બાઈક નં.જીજે.૯.સીઓ.૮૧૯૩ પાર્ક કરી મુકયું હતું. બુધવારની રાત્રે કોઈ ગઠિયો રૂા.૩૦હજારની મત્તાનું બાઈક ચોરી ભાગી છુટતા તેમણે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મહેતાપુરામાંથી પણ ટ્રક ચોરાતા પોલીસની દોડધામ - શહેરના મહેતાપુરા વિસ્તારમાંથી પણ બુધવારે એક ટ્રક ચોરાયાની ઘટના અંગે બીડીવીઝન પોલીસને જાણ થતા પોલીસ હરકતમાં આવી દોડતી થઈ હતી. જોકે હજુ સુધી આ વાહન ચોરીની ઘટના અંગે કોઈ ફરિયાદ નોંધાઈ નથી પણ પોલીસ વાહનની ભાળ મેળવવા શોધખોળ કરી રહી છે.

# ઊંઝા સ્ટેટ બેંક અને પોસ્ટ ઓફિસમાં પ્રિન્ટર બગડતા ભારે હાલાકી

ઊંઝા, તા. ૬

ઊંઝા નજીકના ઉનાવા ગામે આવેલ ભારતીય સ્ટેટ બેંકની શાખામાં તેમજ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા વખતથી પ્રિન્ટર બગડેલ હોઈ ગ્રાહકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

ભારતીય સ્ટેટ બેંકની ઉનાવા શાખામાં લગભગ છેલ્લા છ આઠ માસથી પ્રિન્ટર બગડેલ છે. જેથી ગ્રાહકોની બેંક પાસ બુકોમાં નાણાં જમા ઉપાડવા અંગે નોંધ થઈ શકતી નથી. આ ઉપરાંત એસએમ.એસ. ન મળવાથી બહારથી ગ્રાહકના ખાતામાં નાણાં જમા હોય તેની જાણકારી મળી શકતી નથી.

વધુમાં ગ્રાહકો જ્યારે નાણાં ઉપાડે કે જમા કરાવે ત્યારે બેંક તરફથી ગ્રાહકનને એસ.એમ.એસ. મોકલવામાં આવે છે. પરંતુ કેટલાક કિસ્સામાં ગ્રાહકોને બેંક તરફથી એસએમએસ મળતા નથી. તેમ છતાં ખોટી રીતે એસ.એમ.એસ.ના ચાર્જ વસુલ કરાય છે. જે યોગ્ય નથી તેવું ગ્રાહકોનું કહેવું છે.

બીજુ ઉનાવાની પોસ્ટ ઓફિસનું તંત્ર પણ ખાડે ગયેલ છે. પોસ્ટ ઓફિસના અધિકારી અને કર્મચારી ગ્રાહકોને યોગ્ય વ્યવસ્થિત જવાબ આપતા નથી. પોસ્ટ ઓફિસનું પ્રિન્ટર ખરાબ હાલતમાં છે. જેથી ગ્રાહકોને ટેલીફોન બીલ ભર્યાની જે પાવતી અપાય છે તેમાં લખાણ વાંચી શકાતું નથી. આ બાબતે જવાબદાર અધિકારીઓને જાણે કંઈ જ પડી ન હોય તેમ જણાય છે. પોસ્ટ ઓફિસમાં ટપાલીઓની પણ ઘટ છે.